ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫



થલાઈવાને માર ખાતા જોઈ ચાહકોએ તો ફિલ્મના મેકર્સને... Pg.2



જો કોઈ તમારું દિલ તોડે તો શું કરશો? Pg.4



## ‘રિવ્યૂ વર્સિસ રિયાલિટી’ ધુરંધરના વાવાઝોડામાં વિવેચકો ફસાયા

# કોણ સાચું... કરોડોની કમાણી કે ક્રિટીક્સની કહાની?

ટોક ઓફ ધ ટાઉન

**બોલિવૂડમાં વિવાદ એ નવી વાત નથી, પરંતુ ધુરંધર ફિલ્મને લઈને ઊભો થયેલો વિવાદ થોડો અલગ છે. ફિલ્મ રિલીઝ થવાની હજુ વાર હતી ત્યારથી જ તેના પર ચર્ચા, ટિપ્પણીઓ અને ચુકાદાઓ આવવાનાં શરૂ થઈ ગયા હતા. અહીં કોન્ટ્રોવર્સી ફિલ્મની સ્ટોરી, એક્ટિંગ કે ટેકનિકલ બાબતો નથી; અહીં મુદ્દો છે ફિલ્મ માટે બનેલો અભિપ્રાય**



એક ફિલ્મ સાથે એક્ટર, ડિરેક્ટર, પ્રોડ્યુસર અને ઓડિયન્સ જોડાયેલા હોય છે પણ તેની પાછળ જેમ પાઘડીનો વળ આવે, જેમ પશુની પૂંછડી આવે, તેમ ક્રિટિક્સ પણ જોડાયેલા હોય છે જે ઓડિયન્સને ફિલ્મ સુધી લઇ જાય. પણ ચાની લારી પર, શેરીના નાકે, ઓફિસના ટેબલ પર, ટ્રેનમાં બાજુની સીટ પર, ફેસબૂકની પોસ્ટમાં, મલ્ટીપ્લેક્સની બહાર ઊભા રહી ફિલ્મ જોવી કે ન જોવી તે જ્ઞાન આપતા લોકોથી આ ફિલ્મ ક્રિટીક અલગ હોય છે.

સૌથી પહેલા સમજીયે ક્રિટીક (વિવેચક) એટલે એક એવી વ્યક્તિ જે કોઈ કલાત્મક કે સર્જનાત્મક કાર્યને સમજીને, તેના ગુણ-દોષોનું જાણી, પોતાનો અભિપ્રાય તાર્કિક રીતે રજૂ કરે છે.

હવે ફિલ્મ ક્રિટિકનું કામ માત્ર ફિલ્મ સારી છે કે ખરાબ, એટલું કહેવા પૂરતું નથી. તેઓ ફિલ્મ ઇન્ડસ્ટ્રી, ઓડિયન્સ અને ફિલ્મ મેકર્સ માટે એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ફિલ્મનું એનાલિસીસ કરે, આ ફિલ્મ દર્શકો પર કેવો પ્રભાવ પાડશે તેના સારા અને ખરાબ બંને પાસાં રજૂ કરે, ફિલ્મ સમય અને પૈસા ખર્ચવા યોગ્ય છે કે નહીં તે જણાવે છે. એક સારો ક્રિટીક ફિલ્મને આર્ટ તરીકે નહીં પણ ડોક્યુમેન્ટ તરીકે પણ જુએ છે. તે ફિલ્મમાં રજૂ કરાયેલા સામાજિક, રાજનીતિક અને સંસ્કૃતિ પાસાનું પણ વિશ્લેષણ કરે છે. આટલું જાણ્યા બાદ હવે આવે છે ટોક ઓફ ધી ટાઉન - કે આટલા મહત્વના લગતા ક્રિટીક્સની જ ટીકા હાલ કેમ થઇ રહી છે.

બોલિવૂડમાં વિવાદ એ નવી વાત નથી, પરંતુ ધુરંધર ફિલ્મને લઈને ઊભો થયેલો વિવાદ થોડો અલગ છે. ફિલ્મ રિલીઝ થવાની હજુ વાર હતી ત્યારથી જ તેના પર ચર્ચા, ટિપ્પણીઓ અને ચુકાદાઓ આવવાનાં શરૂ થઈ ગયા હતા.

અહીં કોન્ટ્રોવર્સી ફિલ્મની સ્ટોરી, એક્ટિંગ કે ટેકનિકલ બાબતો નથી; અહીં મુદ્દો છે ફિલ્મ માટે બનેલો અભિપ્રાય. એટલે ધુરંધર ક્રિટિક્સ, એક્ટર્સ અને ઓડિયન્સ વચ્ચે ચાલી રહેલી વિચારધારાની ગડમથલનું તાજું ઉદાહરણ બન્યું છે.

ફિલ્મની રિલીઝ બાદ કેટલાક જાણીતા ફિલ્મ સમીક્ષકોએ પ્રશ્નો ઉઠાવ્યા. તેમાં સ્પષ્ટ વાત એવી હતી કે ફિલ્મ એક હાઈપર-મેસ્ક્યુલિનિટી, હિંસા અને પાવર, સત્તામાં રહેલા લોકોની તરફેણ કરતી, હકીકત સાથે છેડછાડ કરતી ફિલ્મ છે અને તેમાં રાષ્ટ્રવાદને સિનેમેટિક પેકેજિંગમાં વેચવામાં આવી રહ્યો છે. અહીંથી જ ચર્ચા ગરમાઈ સોશ્યલ મીડિયા પર તરત જ બે ભાગમાં વહેંચાઈ ગયા – અને આરોપ બંનેના સરખા હતા કે તેઓ કોઈ એક ચશ્માથી આ ફિલ્મને જુઓ છો.

આ વિવાદની શરૂઆત થઈ અનુપમા ચોપરાનાં રિવ્યૂથી, જેઓ બોલિવૂડના ફિલ્મ ક્રિટીક્સથી પરિચિત હશે તે અનુપમાને જાણતા જ હશે. અનુપમા એક ફિલ્મ ક્રિટીક અને પત્રકાર છે. 1990માં, તેમણે ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડ્યુસર વિધુ વિનોદ ચોપરા સાથે લગ્ન કર્યા હતા. ચોપરાએ ફિલ્મ રિવ્યૂ કરતો એક વિડીયો શેર કર્યો હતો, “ધુરંધર કંટાળાજનક અને ક્રેઝી સ્પાય થ્રિલર છે. - “A Tough Sit” હિંસક પુરુષો, ટેસ્ટોસ્ટેરોનથી ભરપૂર, અતિ-રાષ્ટ્રવાદ અને પાકિસ્તાન વિરોધી વાર્તા છે.” આમ કહેવા બદલ અનુપમા ચોપરાને સોશ્યલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવી, એટલી કે તે ટ્રેન્ડ થવા લાગ્યા. સાથે સાથે ધમકીઓ પણ મળી હતી. જોકે, હવે તો તે વિડીયો જ ડિલીટ થઈ ગયો છે. તો વધુ એક ક્રિટીક સુચિત્રા ત્યાગીએ તેના રિવ્યૂમાં ‘ધુરંધર’ને “હાઇપર-મેક્યુલિન” સિનેમાના ઉદય તરીકે બતાડી, ફિલ્મને લાંબી, થકવી નાખનારી અને પુરુષ-કેન્દ્રી હોવાનો ટેગ પણ આપ્યો.


અમુક ગેંગનાં લોકોને આ વાત ન પચતા તેમણે ટ્રોલ કરવાનું શરુ કર્યું...

આ વિવાદ વચ્ચે Film Critics Guild પણ ચર્ચામાં આવ્યું. Guild નું કહેવું છે FCG એ ફિલ્મના રિવ્યૂઝના કારણે વિવેચકો પર “ટાર્ગેટેડ હેરાનગતિ અને નફરતની સખત નિંદા કરી. નિવેદનમાં જણાવાયું કે જે વાત માત્ર અસહમતિ તરીકે શરૂ થઈ હતી, તે હવે વ્યક્તિગત હુમલાઓ અને તેમના કામને બદનામ કરવાના પ્રયાસમાં ફેરવાઈ ગઈ છે. ધમકીઓ અને ઓનલાઈન કેમ્પેઈનનો તેમને સામનો કરવો પડ્યો છે. ગિલ્ડે જણાવ્યું કે, “ફિલ્મને પસંદ કરવી કે નાપસંદ કરવી તે તમારો અધિકાર છે, પરંતુ ક્રિટીક પાસેથી તમારા સાથે સહમત થવાની અપેક્ષા રાખવી એ યોગ્ય નથી. જો કે આ તટસ્થ લાગતા નિવેદનને કારણે આ બંન્ને ક્રિટીક ફરી ટ્રોલ થયા... કારણ કે અનુપમા પોતે આ ફિલ્મ ક્રિટીક્સ ગિલ્ડની મેનેજિંગ કમિટીના પ્રેસિડન્ટ છે!

આપણે જાણ્યું કે રિલીઝ થયા ના પહેલા જ યામી ગૌતમે કઈ રીતે PR નેક્સસ દ્વારા નેગેટિવ રિવ્યૂનું બાદલ ધુરંધરની ટિમ પર છે તેની વાત કરી હતી. (આ ફિલ્મના ડાયરેક્ટર તેનો પતિ આદિત્ય ધર છે) અને બાદમાં આ રીવ્યુ વિવાદ થયો. ટ્રેડ એનાલિસ્ટ્સ અને ઇન્ડસ્ટ્રી ઇનસાઇડર્સનું માનવું છે કે ધુરંધર માટે પહેલેથી જ નેગેટિવ નેરેટિવ તૈયાર થઈ રહ્યો હતો, (શું આ પણ તેની સફળતાનું કારણ છે?) જ્યારે ગ્રાઉન્ડ લેવલ પર માસ ઓડિયન્સમાં ફિલ્મ માટે ઉત્સુકતા વધારે હોય ત્યારે બોલિવૂડના ઇતિહાસમાં આવું અનેકવાર બન્યું છે કે ક્રિટીક્સે નકારાયેલી ફિલ્મો બોક્સ ઓફિસ પર મોટી સફળતા મેળવે છે. આથી સવાલ એ પણ ઊભો થાય છે કે આ વિવેચકો બબુચકો તો નથી ને?

આ આખા વિવાદનો મૂળ મુદ્દો ‘રીવ્યુ વર્સિસ રિયાલિટી’ છે. રિવ્યુ ત્યારે અર્થપૂર્ણ બને છે જ્યારે ફિલ્મ જોઈને તેની સ્ટોરી, એક્ટિંગ ક્રાફ્ટ અને તમામ પેહલુને આધારે કરવામાં આવે. પરંતુ ધુરંધરના કેસમાં ફિલ્મને એક ચોક્કસ વિચારધારાની કેટેગરીમાં મૂકી દેવામાં આવી. આ જ વાત અમુક લોકો, કલાકાર, ઓડિયન્સને ખટકી છે અને ક્રિટિક્સ અને ઓડિયન્સ વચ્ચેની ખાઈને વધુ ઊંડી બની છે. સાચું તો એ જ કે ફિલ્મે આટલા કરોડ કમાણી કર્યા પછી પણ કોઈ કહી શકતું નથી કે ધુરંધર સારી ફિલ્મ છે કે નબળી... •

## રિયાની લગ્ન પહેલા, બાળક કરવાની તૈયારી



બોલિવૂડના એક્ટર સુશાંત સિંહ રાજપૂતની ગર્લફ્રેન્ડ અને પછી શકમંદ તરીકે વધુ જાણીતી રિયા ચક્રવર્તી પોતાની પર્સનલ લાઈફ કરતાં વધુ હવે પોતાની પ્રોફેશનલ લાઈફ પર ફોકસ કરી રહી છે. રિયાએ એક બ્રૅન્ડ શરૂ કરી છે અને સાથે-સાથે પૉડકાસ્ટ પણ કરે છે. હાલમાં તેના પૉડકાસ્ટ ‘ચૅપ્ટર 2’માં ગેસ્ટ તરીકે હુમા કુરેશી આવી હતી. રિયાએ અહીં હુમાની પર્સનલ લાઈફ વિશે ખુલ્લી ચર્ચા કરી હતી. આ દરમ્યાન રિયાએ જણાવ્યું કે તે એગ ફ્રીઝ કરાવવાનો વિચાર કરી રહી છે અને એ માટે તેણે ગાયનેકોલૉજિસ્ટ સાથે કન્સલ્ટેશન પણ કર્યું છે. હુમા સાથે વાત કરતાં રિયાએ કહ્યું હતું કે ‘હું 33 વર્ષની છું અને થોડા સમય પહેલાં એગ ફ્રીઝ કરાવવા માટે ગાયનેકોલૉજિસ્ટ પાસે ગઈ હતી. હું આ કરાવવાનો વિચાર કરી રહી છું. આ કેટલું વિચિત્ર છે. તમારી બૉડી કહે છે કે હવે તમારે બાળકો કરી લેવાં જોઈએ, પરંતુ તમારું મન કહે છે કે તમારી પાસે પહેલેથી જ એક બાળક છે અને એક પણ બ્રૅન્ડ છે. બિઝનેસ અને એ બાળકનો પણ તમારે ઉછેર કરવાનો છે. રિયા લગ્ન માટે કોઈ નિશ્ચિત ઉંમરમાં વિશ્વાસ રાખતી નથી અને જીવનમાં લગ્ન મોડાં થાય તો તેને કોઈ વાંધો નથી.’ •

## તો હવે દીપિકાને પણ ભૂત બનવું છે

પાછલાં વર્ષોમાં જે રીતે હોરર ફિલ્મો સુપર હિટ થઈ રહી છે બોલિવુડની સ્ત્રીઓને હવે ભૂતની બનવાનું મન થઈ રહ્યુ છે. મોટા સ્ટાર્સ હવે હોરર ફિલ્મોમાં કામ કરવા કાળાજાદુ કરી રહ્યા છે. ત્યારે દીપિકા પાદુકોણને પણ એક હોરર ફિલ્મ ઓફર કરાઈ હોવાની ચર્ચા બોલિવૂડમાં થઈ રહી છે. દીપિકાને બંગાળી ભૂત શખચૂનીનું પાત્ર ધરાવતી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચવા માટે અપાઈ છે. એટલે જો આ ફિલ્મ બને છે તો દીપિકાને બંગાળી ભૂત શખચૂની બનશે. આ શખચૂની એ બંગાળી લોકકથાઓમાંથી એક બદલો લેનાર ભૂત છે, ખાસ કરીને એક પરિણીત સ્ત્રી જે દુઃખી થઈ અવસાન પામી હોય અને હવે બીજી પરિણીત સ્ત્રીઓને ત્રાસ આપે છે. એમ તો દીપિકા સમગ્ર સ્ક્રિપ્ટ તપાસ્યા બાદ જ આ રોલ ભજવવો કે કેમ તે ફાઈનલ કરશે. અગાઉ વિદ્યા બાલન તથા શ્રદ્ધા કપૂરને હોરર ફિલ્મોમાં સફળતા મળી ચૂકી છે. તે પછી આલિયા ભટ્ટ અને ‘સૈયારા’ ફિલ્મથી જાણીતી બનેલી અનિત પડ્ડા પણ હોરર ફિલ્મો સ્વીકારી ચૂક્યાં છે. એમ તો દીપિકા નવી ફિલ્મો પસંદ કરવાની બાબતમાં બહુ સિલેક્ટિવ બની ગઈ છે. માતા બન્યા પછી તે છથી આઠ જ કલાકની શિફ્ટનો આગ્રહ રાખી રહી છે. તેના કારણે તેણે સાઉથની ‘સ્પિરિટ’ સહિતની ફિલ્મો ગુમાવવી પણ પડી છે. મોટી ભાગના ડિરેક્ટરો દીપીકા સાથે કામ કરવા વિચારી રહ્યા છે ત્યારે દીપિકા ભૂતની બનવા રાજી થશે કે કેમ? આ સિવાય એક ખબર આવી પણ છે કે દીપિકા ફરી મમ્મી બનવાની છે. હાલમાં દીપિકાએ સોશ્યલ મીડિયા અકાઉન્ટમાં કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં તે થોડી વધારે હેલ્ધી લાગે છે અને આ જોઈ ફેન્સમાં એવી ગોસિપ છે કે દીપિકા ફરીથી મમ્મી બનવાની છે અને દીપિકાનું એકાઉન્ટ કમેન્ટ્સથી છલકાય ગયું છે. જોકે દીપિકાએ આ કમેન્ટ્સનો કોઈ જ રીસ્પોન્સ નથી આપ્યો. હવે તે મમ્મી બને કે ડાકણ ફેન્સની ‘દુઆ’ સાથે જ છે. •



## ‘બેખયાલી’નો ખ્યાલ કોનો?

6 વર્ષ પહેલા ‘કબીરસિંહ’ રીલીઝ થઇ હતી ત્યારે ઘણી કોન્ટ્રીવર્સીમાં હતી. તેનાં ‘દિલ તુટેલા આશિકો’નું નેશનલ એન્થમ ગણાતું ‘બેખયાલી’ ગીતને કારણે હવે એક ફાઈટ શરૂ થઈ છે. આ ગીતને સચેત ટંડન અને પરમ્પરા ઠાકુર (સચેત-પરમ્પરા)એ બનાવ્યું હતું. પરંતુ હવે સંગીતકાર અમાલ મલિકે આ ગીતની ધૂન પોતાની હોવાનો દાવો કર્યો છે, જેનાથી મોટો હોબાળો થયો.

જુલાઈમાં અમાલ મલિકે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે તેણે વ્હોટ્સએપ પર સચેત-પરમ્પરાને એક ધૂન મોકલી હતી. તે ધૂનને આધારે ‘બેખયાલી’ ગીત બનાવવામાં આવ્યું છે. અમાલે કહ્યું કે તેને ‘કબીર સિંહ’ના ઘણા ગીતો મળવાના હતા, પરંતુ બોલિવૂડના પોલિટિક્સને કારણે તેને માત્ર એક જ ગીત મળ્યું. તો હમણાં ડિસેમ્બરમાં સચેત-પરમ્પરાએ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબો વીડિયો પોસ્ટ કર્યો. તેમણે અમાલ મલિકને ટાર્ગેટ કરીને કહ્યું કે આ ગીત તેમનું છે. ‘બેખયાલી’ની ટ્યુન, શબ્દો અને મ્યુઝિક ફિલ્મની ટીમ સામે બનાવવામાં આવી હતી. શાહિદ કપૂર અને ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા પણ ત્યાં હાજર હતા.



તેમણે અમાલના વ્હોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ પણ બતાવ્યા, જેમાં અમાલે ગીત રિલીઝ થયા પછી તેમને કોન્ગ્રેચ્યુલેટ કર્યુ હતુ. સચેતે કહ્યું, ‘અમારી પાસે અમાલનો નંબર પણ નહોતો. તેણે જ અમને કોલ કર્યો અને મેસેજ કર્યા.’ તેઓએ અમાલને ‘શેમ ઓન યુ’ કહીને જાહેરમાં માફી માંગવા કહ્યું અને ડિફેમેનેશન કેસ કરવાની ચેતવણી આપી.

તો અમાલે પણ જવાબ આપતા કહ્યું કે, ‘મેં ક્યારેય આ ગીત પોતાનું હોવાનો દાવો નથી કર્યો. મેં એટલું જ કહ્યું હતું કે મેં એક ધૂન મોકલી હતી જેનો ઉપયોગ થયો હોઈ શકે. હું કોઈની ક્રેડિટ નથી લઈ રહ્યો.’ તેણે સચેત-પરમ્પરાને કહ્યું કે જો તેમને લાગે કે તેણે તેમનું ગીત ચોર્યું છે તો કોર્ટમાં જાઓ અને માનહાનિનો કેસ કરો. •